—:: વેચાણ દસ્તાવેજ ::—

(અવેજ ..../— પુરાનો.)

ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ ડી. તથા તાલુકો : અંકલેશ્વરના, મોજે ગામ : સારંગપુરના ખાતા નં. ૨૪૦, બ્લોક/રે.સ.નં. ૨૧૫, , થી નોંધાયેલી હે. ૨—૦૨—૩૪ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકના હેતુ માટેની બીન ખેતીની જમીનમાં આયોજીત "આસોપાલવ રેસીડન્સી" ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલા ખુલ્લા પ્લોટો પૈકી "....." ટાઈપના પ્લોટો પૈકી પ્લોટ નંબર : ..... થી નોંધાયેલ ખુલ્લા પ્લોટની મિલકતનો વેચાણ દસ્તાવેજ.

વિક્રમ સંવત ૨૦..... ના ....ને........વાર, તારીખ : મી, માહે :........., સને : ૨૦૧૭ ના અંગ્રેજી દિને..........

આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને પહેલા પક્ષના ખરીદનાર યાને એલટી :—

..,

ઉ.વ.આ. : ......, ધંધો : વેપાર, જાતના : હિન્દુ,

રહે. ....

((જેઓને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં "તમો પહેલા પક્ષના, લખાવી લેનાર, વેચાણ લેનાર, ખરીદનાર, એલટી" તરીકે સંબોધવામાં આવશે, જેઓના સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યા "વેચાણ લેનાર" પોતે તથા તેમના વંશ, વાલી, વારસો, ટ્રાન્સફરીઓ, પ્રતિનીધીઓ, એસાઈનીઓ, એકઝીકયુટર્સ, સકસેસરો, ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.))

જોગ લી.

આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર યાને બીજા પક્ષના વેચનાર યાને પ્રયોજક :—

(૧) છગનભાઈ ઓધાભાઈ ગોટી,
ઉ.વ.આ., જાતના : હિન્દુ, ધંધો : વેપાર,
રહે. : ૧૪૯, સુર્યકિરણ સોસાયટી, ચીકુવાડી, નાનાવરાછા, સુરત.

(૨) સંજયભાઈ છગનભાઈ ગોટી,
ઉ.વ.આ., જાતના : હિન્દુ, ધંધો : વેપાર,
રહે. : ૧૪૯, સુર્યકિરણ સોસાયટી, ચીકુવાડી, નાનાવરાછા, સુરત.

(૩) મુકેશભાઈ છગનભાઈ ગોટી,
ઉ.વ.આ., જાતના : હિન્દુ, ધંધો : વેપાર,
રહે. : ૧૪૯, સુર્યકિરણ સોસાયટી, ચીકુવાડી, નાનાવરાછા, સુરતના
જાતે પોતે તથા નંબર ૧ અને ૨ ના કુલ મુખત્યાર યાને પાવરદાર તરીકે...

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

((જેઓને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં "હમો બીજા પક્ષના, લખી આપનાર, વેચાણ આપનાર, પ્રયોજક" તરીકે સંબોધવામાં આવશે, જેઓના સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યા "વેચાણ આપનાર" પોતે તથા હાલના માલીક, તથા તેમના વંશ, વાલી, વારસો, ટ્રાન્સફરીઓ, પ્રતિનીધીઓ, એસાઈનીઓ, એકઝીકયુટર્સ, સકસેસરો, ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.))

જત હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને આજરોજ આ વેચાણ દસ્તાવેજથી લખી આપી જણાવીએ છીએ કે,

ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ ડી. તથા તાલુકો : અંકલેશ્વરના, મોજે ગામ : સારંગપુરના ખાતા નં. ૨૪૦, બ્લોક/રે.સ.નં. ૨૧૫, , થી નોંધાયેલી હે. ૨–૦૨–૩૪ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકના હેતુ માટેની બીન ખેતીની જમીનમાં આયોજીત **"આસોપાલવ રેસીડન્સી"**ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલા ખુલ્લા પ્લોટો પૈકી "....." ટાઈપના પ્લોટો પૈકી **પ્લોટ નંબર : ..... (જેનુ કે.જે.પી. દુરસ્તી બાદનો પ્લોટ નંબર ....)** વાળી ખુલ્લા પ્લોટની મિલકત, જેનુ મંજુર પ્લાન / કારપેટ એરીયા મુજબ ક્ષેત્રફળ.........ચો. વાર યાને .... ચો.મી છે. જેનુ વિગત વર્ણન નીચે શીડયુલમાં આપવામાં આવેલ છે. જેને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં **"સદરહું મિલકત"** તરીકે સંબોધવામાં આવેલ છે. સદરહું મિલકત હમો બીજા પક્ષનાની સંપુર્ણ અને સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા, હેઠળની ચાલી આવેલ છે. સદરહું મિલકત અંગે હમો બીજા પક્ષનાને વ્યવસ્થા, સંચાલન, નિકાલ વિગેરે કરવા–કરાવવાનો હકક અને અધિકાર છે. તે હકક અને અધિકારની રૂએ સદરહું મિલકત તમો પહેલા પક્ષનાને હમો બીજા પક્ષનાએ વેચાણથી આપેલ છે, જે અંગેનો આ વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને નીચે મુજબની વિગતેથી કરી આપેલ છે.

મજકુર જમીનમાં આવેલ તમોને વેચાણ આપેલ મિલકતના ટાઈટલની હકીકત એવી છે કે...

ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ ડી. તથા તાલુકો : અંકલેશ્વરના, મોજે ગામ : સારંગપુર ના મુળ રે.સ.નં. ૨૧૫, થી નોંધાયેલ જમીનના માલિક દુલ્લભ જેસંગ તથા બાઈ જશુ તે જેસંગજીવાની વિધવા ચાલી આવેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીકે તારીખ ૦૬/૧૦/૧૯૪૩ ના રોજ તુલજારામ મંછારામના એકત્ર કુંટુબના વહીવટ કર્તા દેસાઈ ઠાકોરલાલ હીરાલાલ કનેથી રૂા. ૩૦૦/– અંકે રૂપિયા ત્રણસો પુરા લઈ મજકુર જમીન કબજા ગીરો આપી. જે ફેરફાર અંગેની નોંધ રેવન્યુર રેકર્ડ ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં રજીસ્ટર ઉતારાથી નોંધ નંબર ૫૯૫ થી તારીખ ૨૧/૦૧/૧૯૪૪ ના રોજ કરી. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ છે.

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

ત્યારબાદ મજકુર જમીનના માલીકે તારીખ ૩૦/૦૫/૧૯૪૫ ના રોજ લક્ષ્મીશંકર જીવણરામ કનેથી રૂા. ૭૯૯/– અંકે રૂપિયા સાતસો નવ્વાણુ પુરા લઈ મજકુર જમીન કબજા ગીરો આપી. જે ફેરફાર અંગેની નોંધ રેવન્યુર રેકર્ડ ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં રજીસ્ટર ઉતારાથી નોંધ નંબર ૬૪૬ થી તારીખ ૧૧/૦૫/૧૯૪૬ ના રોજ કરી. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ મજકુર જમીનના માલીક દુલ્લભ જેસંગ તથા બાઈ જશુ તે જેસંગજીવાની વિધવાનાએ તારીખ ૦૬/૧૦/૧૯૪૩ ના રોજ તુલજારામ મંછારામના એકત્ર કુંટુબના વહીવટ કર્તા દેસાઈ ઠાકોરલાલ હીરાલાલ કનેથી રૂા.૩૦૦/– અંકે રૂપિયા ત્રણસો પુરા લઈ મજકુર જમીન ગીરો આપેલ તે અંગેની પુરેપુરી રકમ તારીખ ૩૦/૦૫/૧૯૪૫ ના રોજ ભરપાઈ કરી હીસાબ ચુકતે વસુલ કરી મજકુર જમીન ગીરો માંથી છોડાવી જે કબજા ગીરો મુકતીની ફેરફાર અંગેની નોંધ રેવન્યુર રેકર્ડ ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૬૫૪ થી તારીખ ૧૪/૦૭/૧૯૪૬ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ મજકુર જમીનના માલીક દુલ્લભ જેસંગ તથા બાઈ જશુ તે જેસંગજીવાની વિધવાનાએ મજકુર જમીન લક્ષ્મીશંકર જીવણરામને રૂા. ૭૯૯/– અંકે રૂપિયા સાતસો નવ્વાણુ પુરામાં તારીખ ૩૦/૦૫/૧૯૪૫ ના રોજ કબજા ગીરો કરી આપેલ જે વેચાણ ગણી મજકુર જમીનના બીજા હકકમાં પડેલ ફેરફાર નોંધ નંબર ૬૪૬ રદ કરેલ. અને પહેલા હકકમાં લક્ષ્મીશંકર જીવણરામનુ નામ દાખલ કરેલ. જે ફેરફાર અંગેની નોંધ રેવન્યુર રેકર્ડ ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૬૫૫ થી તારીખ ૧૪/૦૭/૧૯૪૬ ના રોજ કરવામાં આવેલ છે.

ત્યારબાદ મજકુર જમીનના માલીક દુલ્લભ જેસંગ તથા બાઈ જશુ તે જેસંગજીવાની વિધવાનાએ તારીખ ૩૦/૦૫/૧૯૪૫ ના રોજ લક્ષ્મીશંકર જીવણરામના કનેથી રૂા. ૭૯૯/– અંકે રૂપિયા સાતસો નવ્વાણું પુરા લઈ મજકુર જમીન ગીરો આપેલ તે અંગેની પુરેપુરી રકમ ભરપાઈ કરી હીસાબ ચુકતે વસુલ કરી મજકુર જમીન ગીરો માંથી છોડાવી જે કબજા ગીરો મુકતીની ફેરફાર અંગેની નોંધ તારીખ ૨૪/૦૪/૧૯૪૭ ના કબુલાત નામાના આધારે રેવન્યુર રેકર્ડ ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૬૭૫ થી કરવામાં આવેલ. આમ મજકુર જમીન સંપુર્ણ બોજા મુકત બનેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીક દુલ્લભ જેસંગ તથા બાઈ જશુ તે જેસંગજીવાની વિધવા કનેથી મજકુર જમીન ફાતમા ઈસમ અહમદ સરીગતની

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

વિધવાએ તારીખ ૨૪/૦૪/૧૯૪૭ ના રોજ વેચાણથી રાખેલ. જે વેચાણ ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૬૭૮ થી તારીખ ૦૫/૦૫/૧૯૪૭ નારોજ કરવામાં આવેલ છે. જે નોંધ ત્યારબાદ તારીખ ૨૬/૦૬/૧૯૪૭ નારોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મુંબઈ ટેન્નસી એકટ મુજબ નામદાર સરકારના જી.આર.આર.ડી નંબર ૧૧૪૦/૪૫ થી તારીખ ૦૧/૦૪/૧૯૪૭ થી કલેકટર સાહેબના હુકમ નંબર આર.ટી.એસ તારીખ ૨૦/૧૧/૧૯૪૭ મુજબ મજકુર જમીનમાં દુલર્ભ જેસંગનુ સર. ખેડુત તરીકે બીજા હકકમાં નામ દાખલ કરવામાં આવેલ. જે ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૬૯૧ થી તારીખ ૧૫/૧૨/૧૯૪૭ નારોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ તારીખ ૧૧/૦૩/૧૯૪૮ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીનમાં દુલર્ભ જેસંગનુ સર. ખેડુત તરીકે બીજા હકકમાં નામ ચાલતુ હોય જે કમી કરવા અંગેના હુકમ મુજબ દુલર્ભ જેસંગનુ સર. ખેડુત તરીકે નામ કમી કરવામાં આવેલ. જે ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૮૨૩ થી તારીખ ૦૫/૦૨/૧૯૫૫ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર ગામે નામદાર મુંબઈ સરકારના તારીખ ૨૬/૦૬/૧૯૫૬ ના ગેઝેટના ભાગ ૧ના પાના નંબર ૫૮૩૦ ઉપર પ્રસિધ્ધ થયેલ મહે.સેટલમેન્ટ કમીશ્નર સાહેબના હુકમ નંબર કોન.ભરૂચ ૬૭ તારીખ ૧૩/૦૭/૧૯૫૫ મુજબ એકત્રીકરણની યોજના મંજુર થયેલ. જે અમલમાં આવતા તેમા દર્શાવેલ વિગતે મે.એડી.આસી.કોન્સોલીકેશન ઓફીસર સાહેબ તરફથી આવેલ મંજુર થયેલ એકત્રીકરણની યોજના મુજબ મજકુર સર્વે નંબર ૨૧૫ વાળી જમીનને બ્લોક નંબર ૨૧૫ આપવામાં આવેલ અને ૭–૧૨ નુ નવુ રેકર્ડ તૈયાર કરવામાં આવેલ. જે ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૮૯૯ થી તારીખ ૦૨/૧૧/૧૯૫૭ ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીનના રેવન્યુર રેકર્ડમાં સ.ગ તરીકે બીજા હકકમાં દુલર્ભ જેસંગનુ નામ ચાલી આવેલ હોય, જે ખોટી રીતે દાખલ થયેલ હોવાથી જે અંગેનુ "૩૨ ગ" નુ કામ બંધ કરવાથી મે. એ.એલ.ટી. મામલતદાર સાહેબના હુકમ નંબર ગણોત કેશ ૧૭૨ તા. ૧૧/૧૨/૧૯૬૩ મુજબ ગણોતીયાનુ નામ કમી કરેલ. (કેસ નંબર ૪૬ તારીખ ૧૨/૧૧/૧૯૬૩) જે ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

હકક પત્રકમાં નોંધ નંબર ૧૧૧૮ થી તારીખ ૧૦/૦૨/૧૯૬૪ ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ નામદાર સરકાર શ્રીએ ગુજરાત શહેરી વિસ્તાર ખાલી જમીન પર પ્રતિબંધીત અધિનીયમ ૧૯૭૨ થી જાહેર નામુ બહાર પાડી મ્યુનીસીપલ હદથી ૫ કિલો મીટરના વિસ્તારમાં ઉપરોકત કાયદાની જોગવાઈઓ અન્વયે મજકુર જમીનને મહે. મામલતદાર સાહેબ અંકલેશ્વરના પરીપત્ર નંબર ભુમી ૨૦૪ તારીખ ૨૪/૦૧/૧૯૭૩ થી જણાવ્યા મુજબ તેમજ મે. જીલ્લા ઈન્સપેકટર સાહેબ જમીન રેકર્ડ ભરૂચના પત્ર નંબર આર.કે.વશી ૨૫૦/૭૨–૭૩ તારીખ ૦૬/૧૨/૧૯૭૨ ની રૂએ અંકલેશ્વર શહેર માટે પ્રતિબંધીત વિસ્તારની ગામવાર હદ નકિક કરેલ જે મુજબ મજકુર બ્લોક નંબર ૨૧૫ વાળી જમીનને પ્રતિબંધીત વિસ્તારમાં સમાવેશ કરવામાં આવેલ. જે ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૧૪૯૧ થી તારીખ ૩૦/૦૨/૧૯૭૩ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીનમાં ગુજરાત વેકટ લેન્ડ એકટ હેઠળ પ્રતિબંધિત વિસ્તારની નોંધ કરવામાં આવેલ. જે નોંધ મામલતદાર શ્રી અંકલેશ્વરના પત્ર નંબર ભુમી.વી.શી.ટી ૧૫૩૮, તારીખ ૧૭/૦૬/૧૯૭૬ થી રદ કરેલ. જે ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૧૬૧૬ થી તારીખ ૨૪/૦૬/૧૯૭૬ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ, મજકુર જમીનના માલીક ફાતમા ઈસપ અહમદ સરીગત અવસાન થતા, તેમના સીધીલીટીના વારસદાર તરીકે આયસા ઈસપ અહમદ સરીગત, ખદીજા ઈસપ અહમદ સરીગત તથા ઈસ્માઈલ ઈસમ અહમદ સરીગતના નામો વારસાઈ હકકે મજકુર જમીનમાં દાખલ કરવામાં આવેલ. જે વારસાઈ અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૧૬૩૬ થી તારીખ ૨૯/૦૪/૧૯૭૯ ના રોજથી કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત થયેલ છે, આમ, મજકુર જમીનના સંયુકત માલિકો આયસા ઈસપ અહમદ સરીગત, ખદીજા ઈસપ અહમદ સરીગત તથા ઈસ્માઈલ ઈસપ અહમદ સરીગતનાઓ બનેલા અને ચાલી આવેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીકો આયસા ઈસપ અહમદ સરીગત, ખદીજા ઈસપ અહમદ સરીગત તથા ઈસ્માઈલ ઈસપ અહમદ સરીગતનાઓ પૈકી ઈસ્માઈલ ઈસમ અહમદ સરીગતનુ તારીખ ૨૮/૦૬/૧૯૮૧ ના રોજ અવસાન થતા તેમની સીધીલીટીના વારસદારો તરીકે ગુલામ હુશેન ઈસ્માઈલ સરીગત, યાકુબ ઈસ્માઈલ

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

સરીગત, મહમદ ઈસ્માઈલ સરીગત, અબ્દુલઅઝીઝ ઈસ્માઈલ સરીગત, ઐયુબ ઈસ્માઈલ સરીગત, સોયેબ ઈસ્માઈલ સરીગત તથા ફાતમા ઈસ્માઈલ સરીગતના નામો વારસાઈ હકકે મજકુર જમીનમાં દાખલ કરવામાં આવેલ. જે વારસાઈ અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૧૮૧૮ થી તારીખ ૦૯/૦૭/૧૯૮૧ ના રોજથી કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત થયેલ છે, આમ, મજકુર જમીનના સંયુકત માલિકો આયસા ઈસપ અહમદ સરીગત, ખદીજા ઈસપ અહમદ સરીગત તથા ગુલામ હુશેન ઈસ્માઈલ સરીગત, યાકુબ ઈસ્માઈલ સરીગત, મહમદ ઈસ્માઈલ સરીગત, અબ્દુલઅઝીઝ ઈસ્માઈલ સરીગત, ઐયુબ ઈસ્માઈલ સરીગત, સોયેબ ઈસ્માઈલ સરીગત તથા ફાતમા ઈસ્માઈલ સરીગતનાઓ બનેલા અને ચાલી આવેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી આયસા ઈસપ અહમદ સરીગત, ગુલામ હુશેન ઈસ્માઈલ સરીગત, યાકુબ ઈસ્માઈલ સરીગત, મહમદ ઈસ્માઈલ સરીગત, અબ્દુલઅઝીઝ ઈસ્માઈલ સરીગત, ઐયુબ ઈસ્માઈલ સરીગત, સોયેબ ઈસ્માઈલ સરીગત તથા ફાતમા ઈસ્માઈલ સરીગતનાઓએ મજકુર જમીનમાં ચાલી આવેલ પોત પોતાનો વણ વહેચાયેલ હિસ્સો તારીખ ૦૩/૧૧/૧૯૮૮ ના રોજ રજીસ્ટર કરારથી ખદીજા ઈસપ અહમદ સરીગતની તરફેણમાં હકક જતો કરેલ. જે હકક કમી અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬, હકકપત્રકમાં નોંધ નંબર ૨૨૫૯ થી તારીખ ૧૫/૦૪/૧૯૮૯ ના રોજથી કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત થયેલ છે, આમ, મજકુર જમીનના સ્વતંત્ર અને એકલા માલિક, કબજેદાર ખદીજા ઈસપ અહમદ સરીગત બનેલા અને ચાલી આવેલ.

ત્યારબાદ મજકુર જમીનમાં ખદીજા ઈસપ અહમદ સરીગતનુ નામ માલીક કબજેદાર તરીકે ચાલી આવેલ, તે અરસામાં મજકુર જમીનના કોમ્પ્યુટર રાઈઝ રેકર્ડમાં શરત ચુકથી માલીક તરીકે ખદીજા ઈસપ અહમદ સગીરત ચાલી આવેલ. જે અંગે ખદીજા ઈસપ અહમદ સગીરત ના બદલે બાઈ ખદીજા ઈસપ અહમદ સરીગત સુધારવા મામલતદારશ્રી અંકલેશ્વરના હુકમ ક્રમાંક એલ.આર.સી/વશી તારીખ ૨૫/૦૫/૨૦૦૭ થી હુકમ કરવામાં આવેલ. જે ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬, હકકપત્રકમાં નોંધ નંબર ૬૮૮૬ થી તારીખ ૨૫/૦૫/૨૦૦૭ ના રોજથી કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ મજકુર જમીનના માલીક બાઈ ખદીજા ઈસપ અહમદ સરીગત કનેથી મજકુર જમીન (૧) કાનજીભાઈ ગોંવિદભાઈ ધોરી, (૨) મનસુખભાઈ દેવસીભાઈ કાનાણી, (૩) માવજીભાઈ મોહનભાઈ સતાણી, (૪) હિંમતભાઈ

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

મોહનભાઈ સતાણી, (૫) વસંતભાઈ ડાહયાભાઈ ચોવટીયા, તથા (૬) નરસિંહભાઈ નારણભાઈ નારોલાઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ ખરીદ કરેલ. જે વેચાણ ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૬૮૮૭ થી તારીખ ૦૬/૦૬/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ. આમ, મજકુર જમીનના માલીક, મુખત્યાર, કબજેદાર, કાનજીભાઈ ગોંવિદભાઈ ઘોરી, મનસુખભાઈ દેવસીભાઈ કાનાણી, માવજીભાઈ મોહનભાઈ સતાણી, હિંમતભાઈ મોહનભાઈ સતાણી, વસંતભાઈ ડાહયાભાઈ ચોવટીયા, તથા નરસિંહભાઈ નારણભાઈ નારોલાઆ બનેલા અને ચાલી આવેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીકોએ ગુજરાત ગ્રામીણ બેંક દઢાલ શાખા માંથી રૂપિયા ૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પુરાનુ ધીરાણ લીધેલ હોય, બેંકના તારીખ ૧૭/૦૩/૨૦૦૮ ના એકરાર નામા, અરજી આધારે બોજા દાખલની નોંધ કરેલ. જે બોજા અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૬૯૦૩ થી તારીખ ૧૯/૦૩/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીનમાં શરત ચુકથી ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૭૦૦૩ થી તારીખ ૨૨/૦૧/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ નોંધની વિગતેથી રદ કરવમાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીકો (૧) કાનજીભાઈ ગોંવિદભાઈ ઘોરી, (૨) મનસુખભાઈ દેવસીભાઈ કાનાણી, (૩) માવજીભાઈ મોહનભાઈ સતાણી, (૪) હિંમતભાઈ મોહનભાઈ સતાણી, (૫) વસંતભાઈ ડાહયાભાઈ ચોવટીયા, તથા (૬) નરસિંહભાઈ નારણભાઈ નારોલાઓ પૈકી (૧) કાનજીભાઈ ગોંવિદભાઈ ઘોરીએ તેમના હિસ્સાની મજકુર કુલ્લે જમીન પૈકી ૦–૪૨–૩૮ ચો.મી જમીન તથા (૨) મનસુખભાઈ દેવસીભાઈ કાનાણીએ તેમના હિસ્સાની મજકુર કુલ્લે જમીન પૈકી ૦–૪૦–૦૦ ચો.મી જમીન મળી કુલ્લે ૦–૮૨–૩૮ ચો.મી જમીન (૧) મહેશભાઈ બાબુભાઈ જોગાણી, તથા (૨) અશ્વિનભાઈ લાલજીભાઈ નાકરાણીનાઓને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર સાહેબ અંકલેશ્વરની કચેરીમાં અનુક્રમ નંબર ૫૬૨૧ થી તારીખ ૧૩/૦૮/૨૦૦૮ ના રોજ નોંધાયેલ છે. જે વેચાણ ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૭૦૦૪ થી તારીખ ૨૨/૦૧/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ ત્યારબાદ મજકુર જમીન પર બરોડા ગુજરાત ગ્રામીણ બેંક દઢાલ

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

શાખાનો બોજો ચાલી આવેલ હોય તારીખ ૧૧/૦૭/૨૦૦૯ ના રોજ ના. મામ. મહેસુલ દ્વારા રદ કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીકોએ ગુજરાત ગ્રામીણ બેંક દઢાલ શાખા માંથી રૂપિયા ૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પુરાનુ ધીરાણ લીધેલ. જે પુરેપુરા વ્યાજ સહીત ભરપાઈ કરેલ હોય, બેંકના તારીખ ૦૩/૧૨/૨૦૦૮ ના બોજા કમીના દાખલા, અરજી આધારે બોજા કમીની નોંધ કરેલ. જે બોજા કમી અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૭૦૧૩ થી તારીખ ૧૩/૦૩/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ તારીખ ૧૩/૦૫/૨૦૦૯ નારોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીકોએ ગુજરાત ગ્રામીણ બેંક દઢાલ શાખા માંથી રૂપિયા ૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પુરાનુ ધીરાણ લીધેલ. જે પુરેપુરા વ્યાજ સહીત ભરપાઈ કરેલ હોય, બેંકના તારીખ ૦૨/૦૩/૨૦૦૯ ના બોજા કમીના દાખલા, અરજી આધારે બોજા કમીની નોંધ કરેલ. જે બોજા કમી અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૭૦૧૯ થી તારીખ ૦૪/૦૫/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ તારીખ ૨૪/૦૭/૨૦૦૯ નારોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીકો (૧) કાનજીભાઈ ગોંવિદભાઈ ઘોરી, (૨) મનસુખભાઈ દેવસીભાઈ કાનાણી, (૩) માવજીભાઈ મોહનભાઈ સતાણી, (૪) હિંમતભાઈ મોહનભાઈ સતાણી, (૫) વસંતભાઈ ડાહયાભાઈ ચોવટીયા, તથા (૬) નરસિંહભાઈ નારણભાઈ નારોલાઓ પૈકી (૧) કાનજીભાઈ ગોંવિદભાઈ ઘોરીએ તેમના હિસ્સાની મજકુર કુલ્લે જમીન પૈકી ૦–૪૨–૩૮ ચો.મી જમીન તથા (૨) મનસુખભાઈ દેવસીભાઈ કાનાણીએ તેમના હિસ્સાની મજકુર કુલ્લે જમીન પૈકી ૦–૪૦–૦૦ ચો.મી જમીન મળી કુલ્લે ૦–૮૨–૩૮ ચો.મી જમીન (૧) મહેશભાઈ બાબુભાઈ જોગાણી, તથા (૨) અશ્વિનભાઈ લાલજીભાઈ નાકરાણીનાઓને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર સાહેબ અંકલેશ્વરની કચેરીમાં અનુક્રમ નંબર ૫૬૨૧ થી તારીખ ૧૩/૦૮/૨૦૦૮ ના રોજ નોંધાયેલ છે. જે વેચાણ ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૭૦૨૭ થી તારીખ ૧૯/૦૬/૨૦૦૯ ના રોજ ફરી વાર કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ મજકુર જમીનની બ્લોક વિભાજનની પરવાનગી લીધેલ ન હોય, તારીખ ૨૪/૦૭/૨૦૦૯ ના રોજ ના.મામ. મહેસુલ દ્વારા રદ કરવામાં આવેલ.

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

ત્યારબાદ મજકુર જમીનના માલીક કાનજીભાઈ ગોંવિદભાઈ ઘોરી વિગેરેઓ પૈકી કાનજીભાઈ ગોંવિદભાઈ ઘોરીએ તેમના હિસ્સાની મજકુર કુલ્લે જમીન પૈકી ૦–૪૨–૩૮ ચો.મી જમીન તથા (૨) મનસુખભાઈ દેવસીભાઈ કાનાણીએ તેમના હિસ્સાની મજકુર કુલ્લે જમીન પૈકી ૦–૪૦–૦૦ ચો.મી જમીન મળી કુલ્લે ૦–૮૨–૩૮ ચો.મી જમીન (૧) મહેશભાઈ બાબુભાઈ જોગાણી, તથા (૨) અશ્વિનભાઈ લાલજીભાઈ નાકરાણીનાઓને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર સાહેબ અંકલેશ્વરની કચેરીમાં અનુક્રમ નંબર ૫૬૨૧ થી તારીખ ૧૩/૦૮/૨૦૦૮ ના રોજ નોંધાયેલ છે. જે વેચાણ વ્યવહારને કબુલમંજુર રાખવા અંગે કબુલાતનો લેખ કરવામાં આવેલ. જે કબુલાત અંગેનો લેખ સબ રજીસ્ટ્રાર સાહેબ અંકલેશ્વરની કચેરીમાં અનુક્રમ નંબર ૫૯૧૨ થી તારીખ ૧૪/૦૯/૨૦૦૯ ના રોજ નોંધાયેલ છે. જે વેચાણ ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૭૦૫૦ થી તારીખ ૦૧/૧૦/૨૦૦૯ ના રોજ ફરી વાર કરવામાં આવેલ છે. જે નોંધ ત્યારબાદ તારીખ ૨૧/૧૨/૨૦૦૯ ના રોજ ના.મામ. મહેસુલ દ્રારા પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી કાનજીભાઈ ગોંવિદભાઈ ઘોરીએ તેમના હિસ્સાની મજકુર કુલ્લે જમીન પૈકી ૦–૪૨–૩૮ ચો.મી જમીન તથા મનસુખભાઈ દેવસીભાઈ કાનાણીએ તેમના હિસ્સાની મજકુર કુલ્લે જમીન પૈકી ૦–૪૦–૦૦ ચો.મી જમીન મળી કુલ્લે ૦–૮૨–૩૮ ચો.મી જમીન (૧) મહેશભાઈ બાબુભાઈ જોગાણી, તથા (૨) અશ્વિનભાઈ લાલજીભાઈ નાકરાણીનાઓને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ કરેલ. જે અંગેની ફેરફાર નોંધ નંબર ૭૦૫૦ થી તારીખ ૦૧/૧૦/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ પ્રમાણીત પણ થયેલ પરંતુ મજકુર જમીનના રેવન્યુ રેકર્ડ માંથી વેચાણ આપનારના નામો કમી થયેલ નહી. જે અંગે મજકુર રેવન્યુ રેકર્ડ ૭–૧૨ માંથી વેચાણ આપનાર કાનજીભાઈ ગોંવિદભાઈ ઘોરી તથા મનસુખભાઈ દેવસીભાઈ કાનાણીના નામો કમી કરી ખરીદનાર મહેશભાઈ બાબુભાઈ જોગાણી, તથા અશ્વિનભાઈ લાલજીભાઈ નાકરાણીના નામો દાખલ કરવા મામલતદાર શ્રી અંકલેશ્વરના હુકમ ક્રમાંક એલ.આર.સી./વશી ૧૧૮ તારીખ ૦૮/૦૨/૨૦૧૦ ના રોજ હુકમ કરવામાં આવેલ. જે વેચાણ ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૭૦૬૭ થી તારીખ ૧૨/૦૩/૨૦૧૦ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ તારીખ ૧૯/૦૪/૨૦૧૦ ના રોજ ના.મામ. મહેસુલ દ્રારા પ્રમાણીત કરવામાં આવેલ. આમ, મજકુર જમીનના સંયુકત માલીકો મહેશભાઈ બાબુભાઈ જોગાણી, અશ્વિનભાઈ લાલજીભાઈ નાકરાણી, માવજીભાઈ મોહનભાઈ સતાણી,

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

હિંમતભાઈ મોહનભાઈ સતાણી, વસંતભાઈ ડાહયાભાઈ ચોવટીયા, તથા નરસિંહભાઈ નારણભાઈ નારોલાઓ બનેલા અને ચાલી આવેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીકો મહેશભાઈ બાબુભાઈ જોગાણી, અશ્વિનભાઈ લાલજીભાઈ નાકરાણી, માવજીભાઈ મોહનભાઈ સતાણી, હિંમતભાઈ મોહનભાઈ સતાણી, વસંતભાઈ ડાહયાભાઈ ચોવટીયા, તથા નરસિંહભાઈ નારણભાઈ નારોલાઓ કનેથી મજકુર બ્લોક નંબર ૨૧૫ વાળી મુળ જુની શરતની ખેતીની જમીન (૧) છગનભાઈ ઓધાભાઈ ગોટી, (૨) સંજયભાઈ છગનભાઈ ગોટી, તથા (૩) મુકેશભાઈ છગનભાઈ ગોટીનાઓએ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણથી રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. અંકલેશ્વર સબરજીસ્ટ્રાર સાહેકની કચેરીમાં અનુક્રમ નંબર ૮૧૭૬ થી તારીખ ૧૨/૧૦/૨૦૧૦ ના રોજ રજીસ્ટર્ડ થયેલ છે. જે વેચાણ ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૭૧૩૭ થી તારીખ ૧૧/૦૩/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ ત્યારબાદ વેચાણ રાખનારના ખેડૂત ખાતેદારાના પુરાવાની ખરાઈ ન થઈ હોય, તેવા ના.મામ. મહેસુલના શેરાથી રદ કરવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીનના માલીકો મહેશભાઈ બાબુભાઈ જોગાણી, અશ્વિનભાઈ લાલજીભાઈ નાકરાણી, માવજીભાઈ મોહનભાઈ સતાણી, હિંમતભાઈ મોહનભાઈ સતાણી, વસંતભાઈ ડાહયાભાઈ ચોવટીયા, તથા નરસિંહભાઈ નારણભાઈ નારોલાઓ કનેથી મજકુર બ્લોક નંબર ૨૧૫ વાળી મુળ જુની શરતની ખેતીની જમીન (૧) છગનભાઈ ઓધાભાઈ ગોટી, (૨) સંજયભાઈ છગનભાઈ ગોટી, તથા (૩) મુકેશભાઈ છગનભાઈ ગોટીનાઓએ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણથી રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. અંકલેશ્વર સબરજીસ્ટ્રાર સાહેકની કચેરીમાં અનુક્રમ નંબર ૮૧૭૬ થી તારીખ ૧૨/૧૦/૨૦૧૦ ના રોજ રજીસ્ટર્ડ થયેલ છે. જે વેચાણ ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકક પત્રકમાં નોંધ નંબર ૭૧૮૬ થી તારીખ ૦૭/૦૯/૨૦૧૧ ના રોજ ફરીથી કરવામાં આવેલ છે. જે નોંધ ત્યારબાદ વેચાણ રાખનારના ખેડૂત ખાતેદારાના પુરાવાની ખરાઈ કરી, ના.મામ. મહેસુલ દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ. આમ, મજકુર જમીનના સંયુકત માલીકો, કબજેદારો, ભોગવટેદારો છગનભાઈ ઓધાભાઈ ગોટી, સંજયભાઈ છગનભાઈ ગોટી તથા મુકેશભાઈ છગનભાઈ ગોટીનાઓ બનેલા અને ચાલી આવેલ.

ત્યારબાદ ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ ડી. તથા તાલુકો : અંકલેશ્વરના, મોજે ગામ : સારંગપુરના ખાતા નં. ૨૪૦, બ્લોક/રે.સ.નં. ૨૧૫, , થી નોંધાયેલી હે. ૨–૦૨–૩૪ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીનના માલીક યાને હમો બીજા પક્ષનાઓ છગનભાઈ

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

ઓધાભાઈ ગોટી, સંજયભાઈ છગનભાઈ ગોટી તથા મુકેશભાઈ છગનભાઈ ગોટીનાઓએ મજકુર જમીનને હેતુ ફેર માટે બીનખેતી કરાવવા માંગતા હોય, બીનખેતી હેતુ ફેર બાબતે મહે. ભરૂચના કલેકટર સાહેબશ્રીને અરજી કરતા, મહે. કલેકટર સાહેબશ્રી ભરૂચનાના તરફથી તેમના હુકમ ક્રમાંક : ભુમી/બી.ખે./વશી/૮૦૪ થી તારીખ ૧૬/૦૨/૨૦૧૬ એસ.આર નં. ૩૪ થી બીનખેતીની પરવાનગી આપેલ. જે બીનખેતી અંગેના હુકમની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકક પત્રક માં નોંધ નં. ૭૪૦૪ તારીખ ૨૮/૦૩/૨૦૧૬ ના રોજથી કરવામાં આવેલ છે. જે નોંધ ત્યારબાદ તારીખ ૨૯/૦૪/૨૦૧૬ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે. આમ, મજકુર જમીન બીન ખેતીના હેતુ માટે જાહેર કરવામાં આવેલ.

મજકુર જમીનમાં બીનખેતી મુજબથી ડેવલપીંગ કરવા માટે બૌડા ભરૂચ તરફથી તારીખ ૧૬/૦૨/૧૭ ના રોજ આપવામાં આવેલ બાંધકામ પરવાનગી નંબર ૯૩૧ ને આધીન બૌડા/બાં.પ/અંકલેશ્વર–૧૪૯/વશી/૩૪૫ થી ૩૪૬થી તા.૧૬/૦૨/૨૦૧૭ ના રોજથી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે, અને મજકુર જમીનમા વિકાસ કરવા માટેના જરુરી પ્લાન મંજુર કરવામાં આવેલ છે.

મજકુર જમીન બાબતે જિલ્લા નિરીક્ષક જમીન દફતર, ભરૂચની કચેરી તરફથી હુકમ ક્રમાંક : કે.જે.પી. એસ.આર/૫૭/૨૦૧૭ તા. ૨૭/૦૨/૨૦૧૭ થી દુરસ્તીપત્રક નં. ૩૫, તૈયાર કરી આપવામાં આવેલ, અને જે દુરસ્તી અંગેની નોંધ રેવન્યુ દફતરે નોંધ નં. ૭૪૨૭ થી તા. ૩૧/૦૫/૨૦૧૭ ના રોજથી કરવામાં આવેલ.

આમ, ઉપરોકત હકિકતે મજકુર જમીન અમો બીજા પક્ષનાઓની સ્વતંત્ર માલિકી તથા કબજા હકકની આવેલી છે.

આમ હમો બીજા પક્ષનાઓએ સદરહું પુરેપુરી જમીન વેચાણ રાખી બીનખેતી કરાવી સદરહું જમીન ઉપર રહેણાંકના ખુલ્લા પ્લોટોના આયોજન અંગેની કાર્યવાહી કરેલ છે. આમ સદરહું મીલકત હમો બીજા પક્ષનાની સ્વતંત્ર માલીકી તથા કબજા હકકે ધારણ કરતા આવેલ છીએ. તે રીતે સદરહું મિલકતના માલીક, મુખત્યાર અને કબજેદાર હમો બીજાઓ બનેલા અને ચાલી આવેલ છીએ, સદરહું મીલકત ઉપર અમો બીજા પક્ષના સિવાય અન્ય કોઈના કાંઈપણ જાતના લાગભાગ, દર દાવો કે હકક, હિસ્સો, હિત, સંબધ વીગેરે લાગતા કે પહોંચતા નથી. તથા સદરહું મિલકત અમો બીજા પક્ષનાનુ મન ચાહે તે રીતે તમોને અગાર હરકોઈને વેચાણ, બક્ષીસ, કે ગીરો વિગેરે વ્યવસ્થા કરવાનો તથા તમામ પ્રકારેથી તેનો વહીવટ વગેરે કરવાનો અમોને સ્વતંત્ર અને સંપુર્ણ માલીકી હકકે, હકક અને અધિકાર રહેલા છે. આમ મજકુર મીલકતના ટાઈટલ અમો વેચાણ આપનારથી સંપુર્ણ થાય છે. તેવો વિશ્વાસ

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

તથા ભરોસો આપવાથી તે ઉપર આધાર રાખીને સદરહું મીલકત તમો પહેલા પક્ષનાને વેચાણ આપવાનુ નકિક કરેલ જે અંગેનો રજીસ્ટર વેચાણનો કરાર યાને વેચાણ સાટાખત મહે. ....ના સબરજીસ્ટ્રારમાં અનુક્રમ નંબર .... થી તારીખ .... ના રોજ નોંધાયેલ છે. તેમજ (રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી એકટ) રેરા ના કાયદાની જોગવાઈ મુજબ મજકુર યોજનાના પ્રાયોજક યાને બીજા પક્ષના તથા મજકુર મીલકત ખરીદવા નકિક કરેલ પહેલા પક્ષના ખરીદનાર વચ્ચે મજકરુ મીલકત અંગે થયેલ સાટાખત યાને વેચાણના કરારની રેરાની તમામ શરતોનુ બંને પક્ષકારો વચ્ચે સંપુર્ણ પણે પાલન થયેલ છે. જેથી તે અંગે આપણે બંને પક્ષકારોએ કોઈપણ જાતની કે કોઈપણ પ્રકારની તર—તકરાર, દર—દાવો, વાંધો—વચકો કરવા કરાવવાનો નથી. તેમ જાહેર કરી. હમો બીજા પક્ષનાએ સદરહું મીકલત તમો પહેલા પક્ષનાને આજરોજ આ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે.

મજકુર જમીનમાં આયોજીત મજકુર યોજના અંગે પ્રમોટર યાને પ્રાયોજક દ્વારા મજકુર યોજનાને(રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી એકટ) રેરાના કાયદાની જોગવાઈઓ હેઠળ જે તે સક્ષમ ઓથોરીટી પાસે રેરા નોંધણી સર્ટીફિકેટ નંબર............થી તારીખ.......ના રોજ મેળવવામાં આવેલ છે. તેમજ મજકુર રેરાના કાયદાની જોગવાઈ મુજબ જરૂરી એવા તબકકાવાર મેળવવાના યાને મેળવવા પડતીં તમામ પરવાનગીઓ હમો બીજા પક્ષનાએ મેળવેલ છે. જે અંગેની ખાતરી તમો પહેલા પક્ષના યાને ખરીદનારે જાતે પોતે તથા તે અંગેના તમોના નીષ્ણાંત પાસે કરી કરાવી છે. જેથી તે અંગેની કોઈપણ જાતની તર તકરાર, વાંધો—વિરોધ તમો ખરીદનારે કરવાનો નથી.

મજકુર યોજના અંગે હાલના પ્રવર્તમાન લાગુ રેરાના કાયદા મુજબ યાને રેરાની તમામ જોગવાઈઓ અંગે સદરહું મીલકતના વેચાણ લેનારા તથા વેચાણ આપનાર બંને પક્ષનાઓ માહીતગાર છે. તે મુજબ યાને રેરાના કાયદાની જાણકારી મુજબ આપણે બંને પક્ષકારોએ તમામ શરતોનુ પાલન કરેલ છે. જે આપણે બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે સહી. જેથી સદરહું ખુલ્લા પ્લોટ વાળી મીલકતના ફાઈનલ એરીયાના ક્ષેત્રફળ, માપ બાબતે કે વધારાના વેચાણ અવેજ બાબતે કે ઓછો વેચાણ અવેજ બાબતે આપણે બંને માંથી કોઈએ કોઈપણ જાતની તર—તકરાર, વાંધો—વચકો, દર—દાવો કરાવા કરાવવાનો નથી. આમ સદરહું મીલકત બાબતે આપણે બંને પક્ષકારોને કોઈજાતની તર—તકરાર, વાંધો—વચકો, દર—દાવો નથી.

આમ, ઉપરોકત હકિકતે હમો બીજા પક્ષનાએ સદરહું જમીન ઉપર રહેઠાંણના હેતુમાટે **આસોપાલવ રેસીડન્સી** ના નામથી ઓળખાતી સોસાયટીનુ ખુલ્લ

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

પ્લોટોનુ આયોજન કરેલ છે. અને તેમાં આવેલ ખુલ્લા પ્લોટો પૈકી પ્લોટ નંબર. ....., વાળી મિલકત, જેનું વિગતે વર્ણન આ નીચે શીડયુલમાં જણાવેલ છે. સદરહું મિલકત હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને કિંમતી અવેજ બદલ ઉપરોત હકિકતે વેચાણથી આપવાનું નકકી કરેલ હતું, જેનો વેચાણ દસ્તાવેજ આજરોજ હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાની તરફેણમાં કરી આપીએ છીએ.

આ નીચે શીડયુલમાં જણાવેલ ખુલ્લા પ્લોટ વાળી મિલકત અંગે હમો બીજા પક્ષનાને વ્યવસ્થા, સંચાલન, અને વેચાણ વિગેરેથી નિકાલ કરવા–કરાવવાનો હકક અને અધિકાર છે, તેવા હમારા હકક અને અધિકાર રૂએ સદરહું મિલકત તમો પહેલા પક્ષનાને રૂા. ..../– અંકે રૂપિયા .... પુરામાં વેચાણ આપવાનું નકકી કરેલ હતું અને વેચાણ અવેજની રકમ તમો પહેલા પક્ષનાએ, હમો બીજા પક્ષનાને આજદિન સુધીમાં નીચે મુજબની વિગતેથી ચુકવી આપેલ છે.

–: નાંણા વસુલ મળ્યાની વિગત :–

ક્રમ	બેંકનું નામ	ચેક નંબર/ડ્રા.નં.	તારીખ	રકમ
			કુલ રકમ રૂપિયા	

ઉપરોકત વિગતેથી વેચાણ અવેજની પુરેપુરી રકમ હમો બીજા પક્ષનાને મળી ગયા બદલની આ થકી પાકી પહોંચ સ્વીકારીએ છીએ. ભવિષ્યમાં સદરહું મિલકતનો વેચાણ અવેજ ન મળ્યાની કે ઓછા મળ્યા અંગેની કોઈપણ પ્રકારની તર તકરાર હમો બીજા પક્ષનાએ કે હમારા વંશ, વાલી, વારસોએ કરવા–કરાવવાની રહેતી નથી, અને જો કરવા–કરાવવામાં આવે તો તે આ લેખની રૂએ રદ બાતલ થાય સહી.

સદરહું મિલકતની વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષનાને ચુકવી આપેલ હોય, સદરહું મિલકત હમો બીજા પક્ષનાએ હરહંમેશ તથા કાયમને માટે માલિકી હકકે વેચાણથી આપી, તમો પહેલા પક્ષનાના કબજા/ભોગવટા અને વહીવટ વ્યવસ્થામાં સુપ્રત કરી આપેલ છે. સદરહું તમોને વેચાણ આપેલ મિલકતનાં હમો બીજા પક્ષનાના માલિકી હકકો, સંપુર્ણ અને શાંતિભર્યો કબજો, યાવતચંદ્ર દિવા કરો કાળ સુધીના, હરહંમેશ તથા કાયમ માટે તેના તમામ હકકો સાથે તમો ખરીદનાર યાને પહેલા પક્ષનાને સુપ્રત કરી આપેલ છે. જે અંગે સદરહુ પ્લોટના ક્ષેત્રફળ, સુવિધા તથા સ્થળ બાબતે તમો પહેલા પક્ષનાએ જાતે

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

જોઈ તપાસી ખાત્રી કરી લીધેલ છે. અને તમો પહેલા પક્ષનાને સંતોષ થયેલ છે. ત્યારબાદ તમોએ સદરહું મીલકત વેચાણ રાખવા સંમતી આપેલ છે.જેથી હવે પછી સદરહું મીલકતના સ્થળ, સુવીધા, તથા ક્ષેત્રફળ બાબતે કે અન્ય કોઈપણ બાબતે તમો પહેલા પક્ષનાએ કોઈપણ જાતી તર–તકરાર કે વાંધો–વિરોધ કરવા કરાવવાનો નથી. અને તે રીતે સદરહું મિલકતના હમો બીજા પક્ષના આજદિન સુધી જેવા અને જેટલા માલિક, મુખત્યાર ધણી અને કબજેદાર હતા તેવા અને તેટલા જ માલિક, મુખત્યાર, ધણી અને પ્રત્યક્ષ કબજેદાર તમો પહેલા પક્ષના થયા છો સહી.

સદરહું મિલકત અંગેના ક્ષેત્રફળ, પ્લાનો, વિકાસ પરવાનગી, ટાઈટલ્સ વિગેરે તમો પહેલા પક્ષનાએ જાતે પોતે તથા આ બાબતેના તમારા નીષ્ણાંતો સલાહકાર પાસે ચકાસેલ છે, તેમજ સદરહું મિલકત અંગે આપેલ સુવિધાઓ વિગેરે તમોએ જોઈ તપાસી, ખાત્રી કરી કરાવી લીધેલ છે, જેથી તે અંગે કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો–વિરોધ હમો બીજાપક્ષનાએ કે હમારા વંશ, વાલી, વારસોએ કરવા–કરાવવાની રહેતી નથી, અને જો કરવા–કરાવવામાં આવે તો તે આ લેખની રૂએ રદ બાતલ થાય સહી.

સદરહું મિલકત હમો બીજા પક્ષનાએ કે હમારા વંશ વાઈલી વારસોએ અન્ય કોઈની સાથે કે કોઈપણ સંસ્થા સાથે કોઈપણ જાતના કરાર, સાટાખત, બાનાખત કે મૌખીક બાંહેધરીથી આપેલ નથી. તેમજ વેચાણ, ગીરો, બક્ષીસ, કે અન્ય કોઈ રીતે તબદીલ કરી–કરાવી આપેલ નથી. સદરહું મિલકત ઉપર કોઈપણ વ્યકિતનો ખાધા–ખોરાકીનો હકક, અધિકાર કે દરદાવો નથી, તેમજ તેના ઉપર અન્ય કોઈપણ જાતના ઈઝમેન્ટના હકક, અધિકાર નથી, સદરહું મિલકત કોઈને જામીન તરીકે જામીનગીરીમાં લખી આપેલ નથી, કે સદરહું મિલકત ઉપર કોઈપણ અદાલતની ટાંચમા, કે જપ્તીમાં નથી અને તે અંગેની કોઈપણ કાર્યવાહી હાલ ચાલુ નથી, સદરહું મિલકત કોઈપણ પ્રકારના સંપાદન હેઠળ નથી, તેમજ તે અંગેની કોઈ નોટીસ પણ આજદિન સુધી મળેલ નથી. સદરહું મિલકત હમોએ ગીરોમાં કે બોજામાં મુકેલ નથી, તેમજ અન્ય કોઈપણ પ્રકારે તેના ઉપર નાંણાકીય બોજો ઉત્પન્ન કરેલ નથી, તેમજ તે અંગેના કોઈ લેખ/લેખો પણ કરેલા નથી. તેમજ સદરહું મિલકત તદન નબોજી, નકરજી, નજોખમી ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી છે. તેમ છતા ટાઈટલ અંગે જો કોઈ ખામીઓ નીકળી આવે તો તે હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને હમારા ખર્ચે અને જોખમે દુર કરી કરાવી આપવાની રહેશે સહી.

સદરહું મીલકત "આસોપાલવ રેસીડન્સી" ના નામથી ઓળખાતી ખુલ્લા પ્લોટોની સોસાયટીમાં આવેલ છે. જેમા તમો પહેલા પક્ષનાએ કોઈપણ પ્રકારનો

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

ફેરફાર કરવા કરાવવાનો નથી તેમજ મજકુર "આસોપાલવ રેસીડન્સી" ના તમામ ધારા ધોરણો કે વહીવટ તમામ નિયમોનુ પાલન તમો પહેલા પક્ષનાએ ફરજીયાત અને અફર રીતે કરવાનુ રહેશે સહી. તેમજ મજકુર સોસાયટીના તમામ હોલ્ડરોએ ભેગા મળી એસોસીએશન કે સર્વીસ સોસાયટી કે કો.ઓ.હાઉસીંગ સોસાયટી કે મંડળનું આયોજન/રચના કરે કે જરૂર પડે તો તેમાં તમો પહેલા પક્ષનાએ ફરજીયાત સભ્ય બની સહકાર આપવાનો રહેશે સહી અને તેના નિતી, નિયમો, ઠરાવો, તેમજ નકકી કરેલ નિયમોનું ચુસ્ત પણે તમોએ પાલન કરવાનું છે. જેમા તમો પહેલા પક્ષનાની કોઈપણ જાતનો વાંધો–વિરોધ, તર–તકરાર, ચાલશે નહી.

સદરહું તમો પહેલા પક્ષનાને વેચાણથી આપેલ મીલકત તથા મજકુર જમીનના સરકારી તથા લાગતી વળગતી તમામ સરકારી–અર્ધસરકારી કચેરીના આજદીન સુધીના તમામ વેરા, મહેસુલ, કેસ વિગેરેના નાણાં હમો વેચાણ આપનારે માલીક તરીકે ભરી ચુકતે વસુલ કરી આપેલ છે. તેમ છતા આજદીન સુધીના જો કોઈ આવા બાકી લેણા નીકળી આવે તો તે હમો વેચનાર ભરપાઈ કરી દઈશુ. પરંતુ હવે પછીના સદરહું તમોને વેચાણ આપેલ મીલકતને લગતા તમામ વેરા, મહેસુલ, કેસ, કરના નાણાં વિગેરે તમામ તમો પહેલા પક્ષનાએ માલીક તરીકે ભરપાઈ કરવાના રહેશે સહી. જેમાં હમો બીજા પક્ષનાની કોઈપણ જવાબદારી રહેશે નહી.

સદરહું પ્લોટનો તમોને કબજો સોપવામાં આવે ત્યારબાદના હરકોઈ પ્રકારના ટેક્ષ, વેરા, સોસાયટીના મેન્ટેનન્સની રકમ, વિશેષધારો, ભરવાની તમામ જવાબદારી તેમજ સરકાર દ્વારા નવા જે કાંઈ નીતી નીયમો અમલમાં આવે તેવા હરકોઈ પ્રકારના ટેક્ષ, વેરા, જી.એસ.ટી ટેક્ષ, અન્ય તમામ ટેક્ષ વિગેરે ભરવાની જવાબદારી તમો ખરીદનારની રહેશે સહી. જેમાં તમો પહેલા પક્ષના ખરીદનારે કોઈપણ જાતની તર તકરાર, વાંધો, વિરોધ કરવા કરાવવાનો નથી. તેમ છતા જો કરવામાં આવે તો તે સદર દસ્તાવેજથી રદ ગણાય સહી.

સદરહું મીકલત અંગેના તમામ રાસુકા હકક, રસ્તાના, પાર્કિંગ, ગેસ લાઈન, પાણીની લાઈન, ઈલેકટ્રોનીક લાઈન, ટેલીફોન લાઈન વિગેરે તમામ સોસાયટી માટે રાસુકા રાખવામાં આવ્યા છે. જેથી રસ્તાના કે અન્ય હકકો અલાયદા/અલગથી તમો પહેલા પક્ષનાએ માંગવાના નથી તેમજ બાકી રહેતી જમીનમા કે અન્ય આયોજનોમાં હમો વેચનાર ભવિષ્યમાં કે હાલ કોઈપણ પ્રકારનો ફેરફાર કરીએ તો તેમા તમો પહેલા પક્ષનાએ કોઈપણ જાતનો વાંધો, વિરોધ, તર તકરાર કરવા કરાવવાની નથી. તેમ છતા જો કરવા કરાવવામાં આવે તો તે આ દસ્તાવેજથી રદ ગણાય સહી.

મજકુર યોજાના બાબતે બૌડા ભરૂચ તરફથી બાંધકામ અંગેનો પ્લાન મંજુર કરેલ છે. મજકુર પ્લાનમાં દર્શાવેલ રસ્તાઓ, તથા સી.ઓ.પી.ની જમીનમાં દબાણ

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

થાય તે રીતે તમો પહેલા પક્ષનાએ વધારાનુ કોઈપણ બાંધકામ કરવા–કરાવવાનું નથી, કે રસ્તાની જગ્યામાં અડચણ, અંતરાય, થાય તે રીતે બાંધકામ કે એલીવેશન ઝુલાવવાનુ નથી કે ઓટલા કરવાના રહેશે નહી કે તેવા કોઈપણ કૃત્યો કરવા–કરાવવાના નથી. સી.ઓ.પી. ની જગ્યામાં સોસાયટીના દરેક સભ્યો સર્વે સંમતીથી નિર્ણય કરે તે મુજબનો વહીવટ વ્યવસ્થા કરવાનો રહેશે સહી. તેમજ સોસાયટી જે નીતી નિયમો અમલ હોય, કે બનાવે તેનું તમો પહેલા પક્ષનાએ ચુસ્તપણે અફરરીતે પાલન કરવાનું રહેશે સહી. બાંધકામ અંગે હમો બીજા પક્ષનાની કોઈપણ જાતની જવાબદારી છે નહી રહેશે નહી.

સદરહું મિલકતના વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો પહેલા પક્ષનાએ આ વેચાણ દસ્તાવેજના હમો બીજા પક્ષનાને ચુકવી આપેલ હોય, આ દસ્તાવેજનાં બીજા પક્ષનાએ સદરહું મિલકતનો કાયદેસરનો કબજો તમારા કાયદેસરના માલીકીપણામાં સુપ્રત કરી આપેલ છે. જેથી સદરહું મિલકતમાં તમો પહેલા પક્ષના જાતે વસો, વસાવો, તેને વેચાણ, ગીરો, બક્ષીસ, ઈત્યાદી રીતેથી હરકોઈ પ્રકારે વહીવટ, વ્યવસ્થા કરો–કરાવો, યા તમારી મરજીથી હરકોઈ પ્રકારે વહીવટ વ્યવસ્થા, સંચાલન, કરવા આથી તમો પહેલા પક્ષના હકકદાર બનેલા છો અને તેવા તમારા કાર્યોમાં હમો બીજા પક્ષનાએ કે અમારા વંશ, વાલી, વારસોએ કોઈપણ પ્રકારની તર–તકરાર કરવા/ કરાવવાની નથી, તેમ છતાં જો આવી તર તકરાર કરવા/કરાવવામાં આવે તો આ વેચાણ દસ્તાવેજની રૂએ રદ બાતલ થાય સહી.

સદરહું મિલકત હાલ તમામ રેકર્ડ ઓફ રાઈટસના દફતરે હમો બીજા પક્ષના યાને વેચાણ આપનારના નામે ચાલે છે, જેમાં તમો પહેલા પક્ષના તમારૂ નામ સદરહું મિલકતમાં માલિક, મુખત્યાર ધણી અને કબજેદાર તરીકે તમોના સ્વખર્ચે દાખલ કરી–કરાવી શકો સહી, તેમજ તેવી વિધીમાં હમો બીજા પક્ષના યાને વેચાણ આપનારની જયાં જયાં સહી, સંમતી, હાજરી, કબુલાત, વિગેરેની જરૂર જણાય ત્યાં ત્યાં અમોએ સહી, સંમતી, હાજરી, કબુલાત, વિગેરે વિના વિલંબે વિના તકરારે આપવાની રહેશે અગર આ દસ્તાવેજની રૂએ પણ અમો વેચાણ આપનારની કબુલાત માની લઈ તમો સદરહું મિલકતના હરકોઈ યોગ્ય રેકર્ડમાં તમારૂ નામ તમારા સ્વખર્ચે દાખલ કરી–કરાવી શકો સહી.

મજુકર યોજના "આસોપાલવ રેસીડન્સી" ના નામની સોસાયટી વાળી જમીનમાં આવવા–જવા માટે આંતરીક રસ્તાઓ તથા કોમન ઓપન પ્લોટ(સી.ઓ.પી.) લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ રાખવામાં આવ્યા છે. તે મુજબ સોસાયટીના રસ્તા તથા બાંધકામ અંગેના હકકો બાબતે તથા તમોએ ખરીદેલ

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

પ્લોટ અંગે તમો એક તરફવાળાઓને સ્પષ્ટ રીતે માહીતગાર કરેલ છે તેથી ભવિષ્યમા તમારા હકકો કે અધિકારો બાબતે કોઈ તર તકરાર એક તરફવાળાએ કરવા–કરાવવાની રહેશે નહી, જયારે મજકુર રોડ રસ્તાની તથા ગાર્ડન/સી.ઓ.પી./કોમન સવલતો/પાણીની લાઈનો, વોચમેન ઓફીસ, વોચમેન પગાર, કોમન લાઈટો, વિગેરે અંગેની જાળવણી યાને તમામ મેઈન્ટનન્સ અંગેના, સાફ સફાઈ અંગેના, નિભાવણી અંગેના, તથા સરકારી મહેસુલો, એન.એ. મહેસુલ વિગેરે હરકોઈ પ્રકારના ટેક્ષ, વેરા, ચાર્જ, મહેસુલો, ઈલેકટ્રીકટ બીલો વિગેરે તમો પહેલા પક્ષનાએ તેમજ અન્ય હોલ્ડરોએ જયાં સુધી હમો બીજા પક્ષના મજુકર યોજના યાને **"આસોપાલવ રેસીડન્સી"** સોસાયટીના તમામ સભ્યોને તમામ હકકે વહીવપણામાં સોપણી ન કરીએ ત્યા સુધી હમો બીજા પક્ષના નકકી કરે તે મુજબના અને સોપણી કર્યા પછી સોસાયટીના તમામ સભ્યો સર્વ મતે અથવા તો કોઈ સર્વીસ સોસાયટીની રચના કરવામાં આવેલ હોય, તો તેવી સોસાયટીએ નકકી કરેલ નીતી નિયમો, ઠરાવો તેમજ બાયલોજ મુજબ જે કાંઈ નકકી કરેલ શરતો અનુસાર સહીયારા તેમજ પોતાના હિસ્સા મુજબ ભરપાઈ કરવાના નીકળી આવે તે પ્રમાણે તમો પહેલા પક્ષનાએ ભરપાઈ કરવાના રહેશે સહી.

મજકુર સોસાયટીમાં ડ્રેનેજ, ગટર લાઈન અંગેની સવલત લોકલ ઓર્થોરીટી દ્વારા આપવામાં આવેલ હોય, જેથી ડ્રેનેજ કે ગટર લાઈન અંગેની સવલત, મરામત, યોગ્ય જાળવણીની તમામ જવાબદારી તમો ખરીદનાર ની તથા જે–તે પ્લોટ હોલ્ડરની રહેશે સહી. તેમજ જો પાણી કે ડ્રેનેઝ લીકેઝની સમસ્યા ઉદભવે તો જે તે પ્લોટ હોલ્ડરોએ જાતે પોતાના ખર્ચે સમસ્યા દુર કરવાની રહેશે સહી. જેમાં હમો બીજાપક્ષના સાથે તમો પહેલા પક્ષનાએ કોઈપણ દલીલ કે વાંધો, વિરોધ કરવાનો નથી. તેમ છતા જો કરવા કરાવવામાં આવે તો તે સદર દસ્તાવેજથી રદ ગણાય. તેમજ મજકુર સોસાયટીમાં કોઈપણ આકસ્મીક કે કુદરતી કે માનસર્જીત અકસ્માત થાય તો તેમાં ઓર્ગેનાઈઝર યાને હમો બીજા પક્ષનાની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી.

તમોને વેચાણ આપેલ ખુલ્લા પ્લોટ તથા મજકુર સોસાયટીમાં આવેલ અન્ય પ્લોટ, કોમન ફેસીલીટીસ, સોસાયટીની અન્ય મીલકતને નુકશાન થાય, કાર્યક્ષમતામાં હાની કે ખામીઓ આવે યા નુકશાન થાય તેવુ કોઈપણ પ્રકારનું કૃત્ય તમોએ હસ્તે પર હસ્તે કરવા/કરાવવાનું નથી, અને જો કરશો અને સોસાયટીને કોઈપણ પ્રકારનું નુકશાન, કે હાની થાય, તો તેના માટે તમો પહેલા પક્ષના ખર્ચ સહ જવાબદાર ગણાશો સહી. તેમજ અન્ય હોલ્ડરોને ન્યુસન્સ કે તકલીફ થાય તેવું કોઈ કાર્ય કરવાનું નથી,

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

તમો પહેલા પક્ષનાએ ખરીદ કરેલ સદરહું મિલકતનું વેચાણ યા અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફર કરો તો તેવા સમયે સોસાયટીના જે કાંઈ ધારાધોરણ, નીતી નીયમો બનાવે કે હોય તે મુજબ ટ્રાન્સફર ફી ભરી, સોસાયટી કનેથી જરૂરી એન.ઓ.સી ફરજીયાત મેળવવાની રહેશે.

સદરહું પ્લોટને લગતા જરુરી દસ્તાવેજી પુરાવાઓની નકલો તમો પહેલા પક્ષના ખરીદનારને સુપ્રત કરવામાં આવેલ છે, જે તમોએ જોઈ તપાસી મેળવી લીધેલ છે, ભવિષ્યમાં દસ્તાવેજી પુરવાઓ બાબતે તમો ખરીદનારે હમો વેચનાર સાથે કોઈજ તર તકરારો કરવા–કરાવવાની નથી. તેમછતા જો કરવામાં આવે તો તે સદર લેખથી રદ બાતલ ગણાય સહી.

સદરહું તમોને વેચાણ આપેલ, મિલકત અંગેના વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચાઓ જેવા કે સ્ટેમ્પ ડયુટી, વકીલ ફી, રજીસ્ટ્રેશન ફી, ટાઈપીંગ ખર્ચ, વિગેરે તમો પહેલા પક્ષના યાને ખરીદનાર યાને વેચાણ રાખનારે ભોગવેલ છે.

–: શિડયુલ :–

–: વેચાણ આપેલ મિલકતની વિગત :–

ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ ડી. તથા તાલુકો : અંકલેશ્વરના, મોજે ગામ : સારંગપુરના ખાતા નં. ૨૪૦, બ્લોક/રે.સ.નં. ૨૧૫, , થી નોંધાયેલી હે. ૨–૦૨–૩૪ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકના હેતુ માટેની બીન ખેતીની જમીનમાં આયોજીત "આસોપાલવ રેસીડન્સી" ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલ રહેણાંકના હેતુ માટેના પ્લોટો પૈકી પાર્સીંગ પ્લાન મુજબ પ્લોટ નંબર .... કે જેનુ મંજુર પ્લાન / કારપેટ એરીયા મુજબ ક્ષેત્રફળ સુમારે ...... સમ ચો.મી.(જેનુ કે.જે.પી. બાદ ૭/૧૨ મુજબ પ્લોટ નંબર ......સુમારે ક્ષેત્રફળ .... ચો.મી.) વાળી ખુલ્લા પ્લોટની જમીન તથા તેને લાગુ ફાળે પડતા રોડ રસ્તા, સી.ઓ.પી. માં .... ચો.મી. પ્રમાણસરના વણ–વહેંચાયેલ હિસ્સા સહીતની જમીન મળી કુલ્લે .... ચો.મી. વાળી મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના–બહારના ઉપર આકાશથી નીચે પાતાળ સુધીની જમીનના તમામ હકક, હિત, અધિકાર, સહિતની મીલકત.

પુર્વે :

પશ્વિમે :

ઉત્તરે :

દક્ષિણે :

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

<u>પોસ્ટલ એડ્રેસ :–</u> ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ ડી. તથા તાલુકો : અંકલેશ્વરના, મોજે : સારંગપુરના બ્લોક નંબર ૨૧૫ પૈકી ...... ,"આસોપાલવ રેસીડન્સી" પ્લોટ નંબર......

ખરીદનારની સહી ....

વેચનારની સહી ....

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

ઉપરની વિગતે આ વેચાણનો દસ્તાવેજ અમો બીજી તરફવાળાએ અમારી રાજી ખુશીથી, તથા અકકલ હોશિયારીથી, તનમનની સ્વસ્થ, સાવધ અને બીન કેફી અવસ્થામાં, કોઈના કોઈપણ પ્રકારના દાબ, દબાણ, ધાક, ધમકી, કે શેહ શરમમાં આવ્યા વિના, વાંચી, વંચાવી, સાંભળી, વિચારી, સમજી લઈને લખી આપેલ છે, કરી આપેલ છે. જે અમો બીજા તરફવાળા એકિઝકયુટર્સ, એડમિનિસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનિધીઓ, વંશ, વાલી, વારસો ઈત્યાદિ તમામને એકામતે અને એકાજુથે કબુલ, મંજુર,અને બંધનકર્તા છે સહી, અને રહેશે સહી.

અત્રે..................................મતુતત્રે....................................શાખ

______________________ ______________________

____

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

પહેલા પક્ષના: ખરીદનાર	ફોટોગ્રાફ	ડાબા હાથના અંગુઠાનું નિશાન
..................................., ...		
બીજા પક્ષના : વેચનાર :	**ફોટોગ્રાફ**	**ડાબા હાથના અંગુઠાનું નિશાન**
મુકેશભાઈ છગનભાઈ ગોટી, ... તેજાતે પોતે તથા નંબર ૧ અને ૨ ના કુલમુખત્યાર યાને પાવરદાર તરીકે..		

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		

દસ્તાવેજ નંબર   તારીખ

અ.નુ	પ્રશ્ન	જવાબ(હા કે ના)
૧.	ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ ડી. તથા તાલુકો : અંકલેશ્વરના, મોજે ગામ : સારંગપુરના ખાતા નં. ૨૪૦, બ્લોક/રે.સ.નં. ૨૧૫, , થી નોંધાયેલી હે. ૨–૦૨–૩૪ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકના હેતુ માટેની બીન ખેતીની જમીનમાં આયોજીત **"આસોપાલવ રેસીડન્સી"** ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલ રહેણાંકના હેતુ માટેના પ્લોટો પૈકી પાસીંગ પ્લાન મુજબ **પ્લોટ નંબર ....** કે જેનુ મંજુર પ્લાન / કારપેટ એરીયા મુજબુ ક્ષેત્રફળ સુમારે .... સમ ચો.મી.(જેનુ કે.જે.પી. બાદ ૭/૧૨ મુજબ પ્લોટ નંબર ......સુમારે ક્ષેત્રફળ .... ચો.મી.) વાળી ખુલ્લા પ્લોટની જમીન તથા તેને લાગુ ફાળે પડતા રોડ રસ્તા, સી.ઓ.પી. માં .... ચો.મી. પ્રમાણસરના વણ–વહેંચાયેલ હિસ્સા સહીતની જમીન મળી કુલ્લે .... ચો.મી. વાળી મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના–બહારના ઉપર આકાશથી નીચે પાતાળ સુધીની જમીનના તમામ હકક, હિત, અધિકાર, સહિતની મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.	
૨.	લેખમાં દર્શાવ્યા મુજબના કોળઈપણ અવેજની રકમ મળેલ છે.	
૩	લેખમાં દર્શાવેલ વિગતો વાંચી વંચાવીને સમજી વિચારીને તમે જાતે જ સહી કરેલ છે. તે તમને કબુલ રાખો છો.	
૪	પાવર ઓફ એટોર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે	
૫	પાવર ઓફ એટોર્નીના લેખમાં પાવર આપનારે સહી/અંગુઠાની છાપ કરેલ છે.	
૬	પાવર ઓફ એટોર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે	
૭.	ઓળખ આપવા માટે તમને ઓળખતા હોય તેવી વ્યકતી સાથે લાવ્યા છો.	
	ઓળખાણ આપનારને પુછવાનો પ્રશ્ન	
૧.	દસ્તાવેજ લખી આપનાર વ્યકિતઓ કે જેઓ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો.	
૨.	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિતઓ એક જ છે.	
૩.	કોઈ વ્યકિતએ ખોટુ નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો.	

લખી આપનાર/ સંમતી આપનાર/ કુ.મુ. ની સહી.   **ઓળખ આપનારની સહી.**

....   ૧..

....   ૨...

દસ્તાવેજ નો પ્રકાર	મોજે ગામ	સર્વે નંબર	સોસાયટીનુ નામ	પ્લોટ નં.	ક્ષેત્રફળ
વેચાણ દસ્તાવેજ	સારંગપુર	૨૧૫	આસોપાલવ રેસીડન્સી		